# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , "આગામી પાંચ વર્ષમાં ત્રણ કરોડ લખપતિ દીદી તૈયાર કરવાનું સરકારનું લક્ષ્ય."**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, "મહાકુંભે ભારતની સનાતની સંસ્કૃતિનો મજબૂત સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો."**
4. **ડાંગની ઐતિહાસિક અને ભાતિગળ લોક પરંપરાને ઉજાગર કરતો ડાંગ દરબારનો મેળાનો આજથી પ્રારંભ થશે.**
5. **રાજ્યમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધવાની આગાહી.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LAKHPATI DIDI PM SAMVAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવસારીના પ્રવાસ દરમિયાન લખપતિ દીદીઓ સાથે સંવાદ કર્યો હતો. મોટાભાગની મહિલાઓએ સંવાદ દરમિયાન તેઓ શ્રી મોદીની નીતિઓ અને તેમણે આપેલી પ્રેરણાના કારણે લખપતિ દીદી બનવામાં સફળ રહી હોવાનું જણાવ્યું હતું. શ્રી મોદીએ પણ ત્રણ કરોડ લખપતિ દીદીનો લક્ષ્યાંક ટૂંક સમયમાં સિદ્ધ થઈ શકે છે અને આવનારા સમયમાં પાંચ કરોડનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

બેઠક દરમિયાન ડ્રૉન પાઈલટ સહિતની મહિલાઓએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા. આ ઉપરાંત શ્રી મોદીએ લખપતિ દીદીઓને મોટા બજારનો ભાવ મળે તે હેતુથી તેમનો વ્યવસાય ઑનલાઈન પ્લેટફૉર્મ પર લાવવાનું સૂચન કર્યું હતું. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ વિકસિત ભારતનો માર્ગ મોકળો કરશે તેવો વિશ્વાસ પણ શ્રી મોદીએ વ્યક્ત કર્યો હતો.

લખપતિ દીદીઓ સાથે સંવાદ કર્યા બાદ શ્રી મોદીએ એક સભાને સંબોધતાં કહ્યું, આગામી પાંચ વર્ષમાં ત્રણ કરોડ લખપતિ દીદી તૈયાર કરવાનું સરકારનું લક્ષ્ય છે.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

---

# AMIT SHAH PROG

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસના બીજા દિવસે આજે અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. શ્રી શાહ આજે

સવારે અમદાવાદમાં જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી મહારાજની 150મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક સિક્કાઓ અને સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી વર્ષ 2024-25ના પુનઃમુદ્રિત થઈ રહેલા 24 પુસ્તકનું વિમોચન કરશે. આ ઉપરાંત શ્રી શાહ એ.ડી.સી. બૅન્કની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી નિમિત્તે યોજાનારા સ્વર્ણિમ્ શતાબ્દી મહોત્સવના સમાપન સમારોહમાં , બાર કાઉન્સિલ ઑફ ગુજરાત દ્વારા યોજાનારા નવા નોંધાયેલા વકીલોના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

સાથે જ શ્રી શાહ ગાંધીનગરમાં S.A.G. દ્વારા નિર્માણ પામનારા પેરા-હાઈ પર્ફોર્મન્સ સેન્ટરના ભૂમિપૂજન અને ડિજિટલ સેવા પૉર્ટલના લૉન્ચિંગ કાર્યક્રમમાં જોડાશે. છેવટે શ્રી શાહ શાશ્વત મિથિલા ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ભવનના લોકાર્પણ અને કવિ કોકિલ વિદ્યાપતિની મૂર્તિના અનાવરણ પ્રસંગમાં ઉપસ્થિત રહેશે.

---

# AMIT SHAH JUNAGADH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગઈકાલે જુનાગઢમાં બ્રહ્માનંદ વિદ્યાધામમાં વિવિધ પરિયોજનાના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન શ્રી શાહે સભા સંબોધતા બ્રહ્માનંદ વિદ્યાધામમાં મુક્તાનંદ બાપુના માર્ગદર્શનમાં શિક્ષણ સહિત સેવાના કાર્યો વર્ષોથી ચાલતા હોવાનું જણાવ્યું.

મુક્તાનંદ બાપુએ પ્રયાગરાજના મહાકુંભમાં કરેલી સેવાને બિરદાવતા શ્રી શાહે કહ્યું , "મહાકુંભે અનેક વર્ષો સુધી યાદ રહે તેવો સનાતનનો સશક્ત સંદેશ આપ્યો છે."

**(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)**

---

# DANG DARBAR

ડાંગ જિલ્લાની ઐતિહાસિક અને ભાતિગળ લોક પરંપરાને ઉજાગર કરતો ડાંગ દરબારનો મેળાનો આજથી પ્રારંભ થશે. ડાંગનાં અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે, આહવાના રંગ ઉપવન ખાતે ડાંગ દરબારનું ઉદ્ઘાટન થશે. આ પહેલા ડાંગના રાજવીશ્રીઓની શોભાયાત્રા સવારે આહવા ક્લેક્ટર કચેરીથી નીકળી કાર્યક્રમ સ્થળે પહોંચશે , જ્યાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના સથવારે તેમને પોલિટિકલ પેન્શન એનાયત કરી, તેમનું પરંપરાગત રીતે સન્માન કરાશે. 12 માર્ચ સુધી યોજાનારા ડાંગ દરબારમાં દરરોજ સાંજે સાત વાગ્યાથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો લોકો નીહાળી શકશે.

ઉલ્લેખનીય છે કે , ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ , નાયકો તેમ જ તેમના ભાઈબંધો રંગબેરંગી પોષાકમાં સુસજ્જ થઈને આવે છે અને સમગ્ર ડાંગી પ્રજા આદિવાસી સંસ્કૃતિને સૂરાવલીઓના મધુર અને કર્ણપ્રિય સંગીતમાં ઢાળીને દરબારને ઉલ્લાસમય વાતાવરણમાં પરિવર્તિત કરે છે.

---

# ZAVERCHAND MEGHANI

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 78મી પુણ્યતિથિ નિમિત્તે આજે નવ માર્ચે અમદાવાદના ધંધુકામાં ‘ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય' ખાતે વિવિધ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે યોજાનારા મેઘાણી વંદના લોકડાયરામાં ખ્યાતનામ લોકકલાકારો અભેસિંહ રાઠોડ, ધીરુભાઈ સરવૈયા, રાધાબહેન વ્યાસ અને પંકજ ભટ્ટ

શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત ગીતો તેમ જ સંશોધિત, સંપાદિત પ્રાચીન લોકગીતો અને ભજન રજૂ કરશે.

એવી જ રીતે શ્રી ઝવેરચંદ મેઘાણીના અમર કાવ્ય ચારણ-કન્યા આધારિત રાજ્યનો અનોખો થીમપાર્ક ચારણ-કન્યા વાટિકાનું લોકાર્પણ કરાશે, જેમાં ગીરની વન્ય જીવસૃષ્ટિને નિરૂપતાં 30 જેટલાં પૂર્ણ કદનાં શિલ્પ સ્થાપત્ય મુકાયા છે. આ અવસરે વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ અને મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ઐતિહાસિક જિલ્લા પંચાયત રેસ્ટ-હાઉસ અને તેના પરિસરનો ભવ્ય સ્મૃતિ-સ્થળ તરીકે વિકાસ કરાયો છે.

---

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. આ સમયગાળા દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં અત્યંત ગરમીની શક્યતાના કારણે હિટવેવ પણ જાહેર કરાયું છે. હાલમાં ઉત્તર દિશા તરફથી રાજ્યમાં પવન આવી રહ્યા હોવાથી રાજ્યનું તાપમાન વધ્યું હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

## (બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન ખાતા)

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી વધુ 39 ડિગ્રી મહત્તમ તાપમાન અમરેલી, રાજકોટ અને કચ્છના ભુજમાં નોંધાયું હતું. જ્યારે આ સિવાયના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 29 ડિગ્રી સેલ્સિયસથી વધુનું રહ્યું હતું.

---

# GODHARA-AYUSH MELO

_પંચમહાલના ગોધરામાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે રાજ્યસભા સાંસદ ડૉક્ટર જસવંતસિંહ પરમારની ઉપસ્થિતિમાં આયુષ મેળો યોજાયો હતો. મેળામાં નિદાન ચિકિત્સા શિબિર, ઔષધી પ્રદર્શન, યોગ નિદર્શન અને અગ્નિ કર્મ નિદાનનું આયોજન કરાયું. દરમિયાન એક હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી પરમાર જિલ્લામાં આયુર્વેદનો વ્યાપ વધારવા બાબતે માર્ગદર્શન આપ્યુ હતું.

---

# PORBANDAR PLAN

પોરબંદર અને મુંબઈ વચ્ચે આગામી પહેલી એપ્રિલથી ફરી વિમાન ઉડાન ભરશે. પોરબંદરના અમારા પ્રતિનિધી મહેશ લુક્કા જણાવે છે, વર્ષ 2020 પહેલા પોરબંદરના હવાઈમથક પરથી પોરબંદર-અમદાવાદ , પોરબંદર-મુંબઇ અને પોરબંદર-દિલ્હીની ઉડાનનું સંચાલન થતું હતું, પરંતુ હવાઈમથકનો રન-વે માત્ર એક હજાર 317 મીટરનો હોવાથી અહીંથી ઉડાન ભરી શકે તેવા નાના વિમાનની સંખ્યા દેશની એરલાઇન્સ પાસે ઘટવા લાગતા પોરબંદરથી ઉડાન ભરતી તમામ ફલાઇટ સપ્ટેમ્બર 2022થી બંધ કરવી પડી હતી.

જોકે, રાજ્ય સરકાર દ્વારા હવાઈમથકની બાજુમાં આ રન-વેને બે હજાર 650 મીટર કરવા 300 એકર જમીન ફાળવવામાં આવી છે . રન-વે મોટો ન થાય ત્યાં સુધી ખાનગી એરલાઇન્સ દ્વારા નાનું પ્લેન પહેલી એપ્રિલથી પોરબંદર મુંબઈ વચ્ચે શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

---

# ST Extra buses

હોળી ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે 10થી 16 માર્ચ સુધી વધારાની એક હજાર 200 જેટલી બસ દોડાવાશે. દરમિયાન કુલ સાત હજાર 100 જેટલી વધારાના ફેરાનું સંચાલન કરાશે.

નિગમની યાદીમાં જણાવાયું કે , અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજથી ગોધરા , દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર સહિતની જગ્યાએ જવા વધારાની બસનું સંચાલન કરાશે. આ ઉપરાંત, ડાકોર અને દ્વારકા જવા 500 બસ દ્વારા ચાર હજાર જેટલા ફેરા કરાશે.

વધારાની બસ માટેનું એડવાન્સ અને કરન્ટ બુકિંગ ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ WWW.GSRTC.IN અને મોબાઈલ એ પ્લિકેશન પરથી કરી શકાશે. વધુ માહિતી નિગમના તમામ ડેપો અને ટોલ ફ્રી નંબર 1800 233 666666 પરથી મળી શકશે.

---